# એઆઇસીઆરપી–વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા અઢારમા ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી

આઈ.સી.એ.આર-ડાયરેકટોરેટ ઓફ વીડ રીસર્ચ, જબલપુર દ્વારા દર વર્ષે તારીખ ૧૬ થી ૨૨ ઓગસ્ટ દરમ્યાન ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહનું આયોજન કરી હાનીકારક ગાજરઘાસનું કાયમી ધોરણે નિયંત્રણ કરવા લોકોને પ્રરિત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જે અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના માર્ગદર્શન હેઠળ **તારીખ ૧૬ થી ૨૨ ઓગસ્ટ, ૨૦૨૩** દરમ્યાન **અઢારમા ગાજરઘાસ જાગરૂકતા સપ્તાહ** અંતર્ગત એઆઇસીઆરપી-વીડ મેનેજમેન્ટ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ, ખેડૂતો, વિસ્તરણ કાર્યકરો, શિક્ષકો સુધી ગાજરઘાસની હાનીકારક અસરો અને તેના નિયંત્રણ અને નાબુદી માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને ગાજરઘાસના સતત સંપર્કમાં આવવાથી છોડમાં રહેલ પાર્થેનીન નામનાં ઝેરી રસાયણથી ચામડીના રોગ, એલર્જિક અસરમાં આંખના પોપચા, ચહેરા અને ગરદનની આસપાસ ખંજવાળ આવી લાલ ચકમા થતાં શરીરની ચામડી મગર જેવી બરછટ થઇ જવી ઉપરાંત ફૂલની પરાગરજ હવાના માધ્યમ દ્વારા ફેલાય છે જે શ્વાસમાં જવાથી શ્વસનતંત્રના રોગ, અસ્થમા જેવી સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યા થવાની સંભાવના વિષે જરૂરી છણાવટ કરવામાં આવી હતી. વધુમાં જે જગ્યાએ ગાજરઘાસ વધારે પ્રમાણમાં ઉગતું હોય ત્યાં પશુઓના ચરીયાણ માટેના ઉપયોગી ઘાસ-છોડ ઉગી શકતા ન હોવાથી ધીરે ધીરે પશુઓ માટે ઉપયોગી ગૌચર વિસ્તાર નાશ પામે છે અને ઘેટા-બકરાં કે અન્ય પ્રાણીઓ પણ ખાતા નથી અને ક્યારેક ખાય તો પ્રાણીઓને ઝાડા થાય છે અને દૂધ ઉત્પાદન તેમજ તેની ગુણવત્તામાં ઘટાડો થાય છે. જ્યારે આ છોડના મૂળમાં ઝેરી પદાર્થ પાર્થેનીન રહેલો હોવાથી પાકને ઉગવામાં તેમજ તેના વિકાસમાં નડતર રૂપ બને છે. આ છોડ જમીનમાંથી પુષ્કળ પ્રમાણમાં પોષક તત્વો શોષણ કરવાની શકિત ધરાવતું હોવાથી જમીનની કુદરતી ફળદ્રુપતામાં પણ બેહદ ઘટાડો કરે છે. આ નીંદણનો ઉપદ્રવ અગાઉ

માત્ર બિન-પાક કે પડતર વિસ્તાર પુરતો મર્યાદિત હતો જે હવે છેલ્લા કેટલાક વર્ષોથી ખેતી પાકો સાથે પાક વિસ્તારમાં પણ જોવા મળે છે અને ખેતી પાકો કરતા ગાજરઘાસ વધુ પ્રમાણમાં પોષક તત્વોનું શોષણ કરતું હોઈ પાક ઉત્પાદન અને ગુણવત્તામાં ઘટાડો કરે છે જે બાબતે પણ અવગત કરાવવામાં આવ્યા હતા. આવા ઘાસની હાનીકારક અસરો સમજી તેના નિયંત્રણ માટે જરૂરી પગલાં એટલે કે ગાજરઘાસના છોડ પર ફૂલ આવતા પહેલા ઉપાડી તેનો સંપૂર્ણ નાશ કરવો અથવા બીનપાક વિસ્તાર અનેપાક વિસ્તારમાં ભલામણ કરેલ નીદણનાશકોનો ઉપયોગ ગાજરઘાસનાં છોડ પર ફૂલ આવે તે પહેલા છંટકાવ કરવા જેથી બીજ ઉત્પાદન થકી થતો તેનો ફેલાવો અટકાવી શકાય અને જમીનમાં તેની બીજ બેંક ઘટાડી શકાય તેમ જણાવવામાં આવેલ હતું. ગાજરઘાસ એ સામુદાયિક સમસ્યા હોવાથી તેના નિયંત્રણ માટે ખેડૂતો, વિસ્તરણ કાર્યકરો, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, શાળા અને મહાશાળાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સહિત સમાજના તમામ વર્ગો દ્વારા તેમની આસપાસની જગ્યા ગાજરઘાસ મુક્ત રાખવા જનજાગૃતિ દ્વારા સામુહિક પ્રયત્નો કરવા તેમજ આ નીંદણની ભયંકરતા સર્વેને સમજાવી અને સમગ્ર કાર્યને મહાયજ્ઞનું રૂપ આપી ઝૂંબેશ ચલાવવા અનુરોધ કરવામાં આવેલ હતો જેમાં સામુહિક રીતે જ્યારે પણ ગાજરઘાસ નીંદણને હાથથી ઊપાડી દૂર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે ત્યારે અગમચેતીના પગલા રૂપે હાથ મોજા તથા માસ્ક પહેરવા જરૂરી છે તેમ પણ જણાવેલ હતું.

## કાર્યક્રમની ઝાંખી










